ચલેણીંગ

# ગુજરાત ઓર્ગેનિક એગ્રીકલ્ચરલ યુનિવર્સિટી
## કુલસચિવશ્રીની કચેરી

એટીક બિલ્ડીંગ, બોરસદ ચોકડી,આણંદ કેમ્પ, આણંદ-૩૮૮૦૦૧

Azadi Ka Amrit Mahotsav

અનિલ પટેલ
ઓ.એસ.ડી. કમ કુલસચિવ-વ-સંયુકત ખેતી નિયામક(જ.સં.)

M:9898420421
Email.reg.goau@gmail.com

જા.નં. ગુજ.ઓ.એ.યુ/રજી/પ્રતિ નિયુક્તિ/ ૯૭૭-૨૫/૨૦૨૨ તા.૪/૦૫/૨૦૨૨

પ્રતિ,
કુલસચિવશ્રી ,
આણંદ કૃષિ યુનિવર્સિટી ,
આણંદ

વિષય : ગુજરાત ઓર્ગેનિક એગ્રિકલ્ચરલ યુનિવર્સિટી ખાતે પ્રતિનિયુક્તિના ધોરણે વૈજ્ઞાનિકશ્રીઓ/ કર્મચારીશ્રીઓ ફાળવવા બાબત...

શ્રીમાન,

જયભારત સહ ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, રાજ્ય સરકારશ્રી દ્વારા સન-૨૦૧૬ના ગુજરાત ઓર્ગેનિક એગ્રિકલ્ચરલ યુનિવર્સિટી એક્ટ-૨૦૧૭થી અત્રેની યુનિવર્સિટીની રચના કરવામાં આવેલ છે. અત્રેની યુનિવર્સિટી દ્વારા આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ સાથે થયેલ એમ.ઓ.યુ. અન્વયે એટીક બિલ્ડીંગ, બોરસદ ચોકડી, આણંદ ખાતે વહીવટી તેમજ અનુસ્નાતક કક્ષાની શૈક્ષણિક કામગીરી કરવામાં આવી રહેલ છે. તેમજ, હાલોલ ખાતેના તાલુકા સીડ ફાર્મ ખાતે મુખ્ય કેમ્પસના વિકાસની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. અત્રેની યુનિવર્સિટીના શૈક્ષણિક, સંશોધન, વિસ્તરણ અને વહીવટી કામગીરી માટે જરૂરી મહેકમ રાજ્ય સરકારશ્રીના કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના તા. ૩૧/૧૨/૨૦૨૦ના ઠરાવથી વિવિધ સંવર્ગની કુલ-૨૬ જગ્યાઓ મંજૂર કરવામાં આવેલ છે. જેની નકલ આ સાથે સામેલ રાખેલ છે. અત્રેની યુનિવર્સિટી દ્વારા સરકારશ્રી દ્વારા મંજુર કરેલ મહેકમ પૈકી પ્રાધ્યાપક, મદદનીશ પ્રાધ્યાપક અને સીની.રીસર્ચ આસીટન્ટની જગ્યાઓ ભરવાની વહીવટી પ્રક્રીયા હાથ ધરવામાં આવેલ છે. આ કામગીરી માટે હજુ સમય લાગી શકે તેમ છે. જેથી, આપની યુનિવર્સિટીના પ્રાધ્યાપક/મદદનીશ પ્રાધ્યાપક/સીની.રીસર્ચ આસીસટન્ટ/ સીની.કલાર્ક/હિસાબી સંવર્ગના અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓની અત્રેની યુનિવર્સિટીમાં પ્રતિનિયુકતિના ધોરણે સ્વેચ્છાએ આવવા માંગતા હોય તેવા પ્રાધ્યાપક/મદદનીશ પ્રાધ્યાપક/એસ.આર.એ./સીની. ક્લાર્ક સંવર્ગના વૈજ્ઞાનિકશ્રીઓ/કર્મચારીશ્રીઓ પ્રતિનિયુક્તિના ધોરણે આણંદ/હાલોલ ખાતે ફરજ બજાવવા રસ ધરાવતા અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓની અરજીઓ ભલામણ સાથે મોકલી આપવા અંગે યોગ્ય કાર્યવાહી કરવા વિનંતી છે.

ફાઈલ ઉપર માન. કુલપતિશ્રીની અનુમતિ મેળવેલ છે.

રજીસ્ટ્રાર / ખાસ ફરજ પરના અધિકારી

નકલ રવાના :
૧. માન. કુલપતિશ્રીના અંગત સચિવશ્રી, એ.એ.યુ તરફ ગુ.ઓ.એ.યુ.ના માન. કુલપતિશ્રીના વંચાણે મૂકવા સારું.

A1/A2

Office of the Registrar
A.A.U., ANAND.
7 MAY 2022
INWARD NO. 3396

**આણંદ કૃષિ યુનિવર્સિટી,**
**આણંદ**

**નકલ સવિનય રવાના જાણ સારૂ.**

તમામ યુનિટ/સબ યુનિટ કચેરીઓ તરફ.

૨/......જાણ તથા સામેલ પત્રોની વિગતો તમામ અધિકારીશ્રીઓ/કર્મચારીઓની ધ્યાને લાવી આણંદ કૃષિ યુનિવર્સિટીમાંથી પ્રતિનિયુક્તિના ધોરણે ગુજરાત ઓર્ગેનિક એગ્રીકલ્ચરલ યુનિવર્સિટી, આણંદ/હાલોલ ખાતે ફરજ બજાવવા રસ ધરાવતા કર્મચારીઓની અરજીઓ મેળવી કચેરીની ભલામણ સહ દિન-૧૦માં મોકલી આપવા વિનંતી.

કુલસચિવ

**નં. આકૃયુ/રજિ/સંકલન/ ૨૮૯૭ /૨૦૨૨**
**તા.૧૯/૦૫/૨૦૨૨**

**નકલ રવાના:**

(૧) કુલસચિવશ્રીના રહસ્ય સચિવશ્રી તરફ.

(૨) આ કચેરીની એડીએમ શાખા-૩ તરફ તમામને વંચાણે લેવા સારૂ.

ખેતી નિયામક કચેરી
ગુ.રા., ગાંધીનગર.
પીએલસી શાખા
22 DEC 2020
આવક નં. 6303

ગુજરાત ઓર્ગેનીક એગ્રીકલ્ચરલ યુનિવર્સિટી માટેનું મહેકમ ઊભું કરવા બાબત.

**ગુજરાત સરકાર**

**કૃષિ,ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ,**

**ઠરાવ ક્રમાંકઃકસપ/૧૦૨૦૧૭/૭૪૩/ક-૫**

**સચિવાલય, ગાંધીનગર.**

**તારીખઃ ૧૯/૧૨/૨૦૨૦**

**વંચાણે લીધા :-**

(૧) ખેતી નિયામકશ્રીની કચેરીનો પત્રક્રમાંક: સ.ખે.સે-૧૧૩-૧૪-૨૦૨૦, તા:૦૫/૦૩/૨૦૨૦

(૨) કુલપતિશ્રી, ગુજરાત ઓર્ગેનીક એગ્રીકલ્ચરલ યુનિવર્સિટીનો પત્રક્રમાંક: જીઓએયુ-૧૦૨-૨૦૨૦, તા:૧૭/૦૮/૨૦૨૦

**આમુખઃ**

ગુજરાત ઓર્ગેનીક એગ્રીકલ્ચરલ યુનિવર્સિટી માટે વિવિધ સંવર્ગની નવી જગ્યાઓ ઊભી કરવા સારૂ વર્ષ ૨૦૨૦-૨૧માં નવી બાબત હેઠળ રૂ.૪૫.૦૦ લાખની બજેટ જોગવાઇને વહીવટી મંજુરી આપવા માટે ખેતી નિયામકશ્રીની કચેરીના વંચાણે લીધેલ પત્ર ક્રમાંક (૧) અને કુલપતિશ્રી, ગુજરાત ઓર્ગેનીક એગ્રીકલ્ચરલ યુનિવર્સિટીના વંચાણે લીધેલ પત્ર ક્રમાંક (૨) થી કરેલ દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવઃ**

કાળજીપૂર્વકની વિચારણાંને અંતે ગુજરાત ઓર્ગેનીક એગ્રીકલ્ચરલ યુનિવર્સિટી માટે વિવિધ સંવર્ગની કુલ-૨૬ નવી જગ્યાઓ ઊભી કરવા સારૂ વર્ષ.૨૦૨૦-૨૧માં નવી બાબત હેઠળ રૂ.૪૫.૦૦ લાખની બજેટ જોગવાઇને નીચેની શરતોને આધિન ખર્ચ કરવાની વહીવટી મંજુરી આપવાનુ આથી ઠરાવવામાં આવે છે.

| અ.ક્ર. | જગ્યાનું નામ | વર્ગ | પે લેવલ | પે મટ્રિક્ષ | | મંજૂર જગ્યાની સંખ્યા |
|---|---|---|---|---|---|---|
| | | | | છઠ્ઠા પગારપંચ મુજબ | સાતમા પગારપંચ મુજબ | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| | **વાઇસ ચાન્સેલરની કચેરી** | | | | | |
| ૧ | વાઇસ ચાન્સેલર | વર્ગ ૧ | - | ૭૫૦૦૦ ફિક્સ+ ૫૦૦૦ સ્પેશિયલ એલાઉન્સ+ડી.એ. | ૨,૧૦,૦૦૦+ ૫૦૦૦ સ્પેશિયલ એલાઉન્સ | ૧ |
| ૨ | વાઇસ ચાન્સેલરના ટેકનીકલ ઓફીસર(આસીસટન્ટ રીસર્ચ સાયન્ટીસ્ટ) | વર્ગ ૨ | ૧૦ | ૧૫૬૦૦-૩૯૧૦૦ GP: ૬૦૦૦ UGC મુજબ | ૫૭,૭૦૦-૧,૮૨,૪૦૦ | ૧ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૩ | વાઈસ ચાન્સેલરના પર્સનલ આસીસ્ટન્ટ | વર્ગ ૩ | ૬ | ૯૩૦૦-૩૪૮૦૦<br>GP: ૪૨૦૦ ફીક્સ પગારથી સરકારના નિતી નિયમો મુજબ | ૩૫,૪૦૦-૧,૧૨,૪૦૦ | ૧ |
| ૪ | આઇ.ટી.મેનેજર | વર્ગ ૩ | ૭ | ૯૩૦૦-૩૪૮૦૦<br>GP: ૪૪૦૦<br>ફીક્સ પગારથી<br>સરકારના નિતી નિયમો મુજબ | ૩૯૯૦૦-૧,૨૬,૬૦૦ | ૧ |
| | **ડાયરેક્ટર ઓફ રીસર્ચ ઓફીસ** | | | | | |
| ૫ | ડાયરેક્ટર ઓફ રીસર્ચ | વર્ગ ૧ | ૧૪ | ૩૭૪૦૦-૬૭૦૦૦<br>GP: ૧૦૦૦૦ | ૧,૪૪,૨૦૦-૨,૧૮,૨૦૦ | ૧ |
| ૬ | ડાયરેક્ટર ઓફ રીસર્ચના ટેકનીકલ ઓફીસર (આસીસટન્ટ રીસર્ચ સાયન્ટીસ્ટ) | વર્ગ ૨ | ૧૦ | ૧૫૬૦૦-૩૯૧૦૦<br>GP: ૬૦૦૦<br>UGC મુજબ | ૫૭,૭૦૦-૧,૮૨,૪૦૦ | ૧ |
| | **અન્ય કચેરી** | | | | | |
| ૭ | ડાયરેક્ટર ઓફ એક્સ્ટેન્શન એજ્યુકેશન | વર્ગ ૧ | ૧૪ | ૩૭૪૦૦-૬૭૦૦૦<br>GP: ૧૦૦૦૦ | ૧,૪૪,૨૦૦-૨,૧૮,૨૦૦ | ૧ |
| ૮ | રજીસ્ટ્રાર | વર્ગ ૧ | ૧૨ | ૧૫૬૦૦-૩૯૧૦૦<br>GP: ૭૬૦૦ | ૭૮,૮૦૦-૨,૦૯,૨૦૦ | ૧ |
| ૯ | કોમ્પ્ટ્રોલર કમ એકાઉન્ટ ઓફીસર | વર્ગ ૨ | ૯@ | ૯૩૦૦-૩૪૮૦૦<br>GP: ૫૪૦૦ | ૫૩,૧૦૦-૧,૬૭,૮૦૦ | ૧ |
| ૧૦ | હેડ ઓફ ધ ડીપાર્ટમેન્ટ (રીસર્ચ સાયન્ટીસ્ટ કેડર) | વર્ગ ૧ | ૧૪ | ૩૭૪૦૦-૬૭૦૦૦<br>GP: ૧૦૦૦૦ | ૧,૪૪,૨૦૦-૨,૧૮,૨૦૦ | ૫ |
| ૧૧ | આસીસ્ટન્ટ રીસર્ચ સાઇન્ટીસ્ટ )Two for each faculty enlisted in Sr. no.19) | વર્ગ ૨ | ૧૦ | ૧૫૬૦૦-૩૯૧૦૦<br>GP: ૬૦૦૦<br>UGC મુજબ | ૫૭,૭૦૦-૧,૮૨,૪૦૦ | ૪ |
| ૧૨ | ફાર્મ મેનેજર | વર્ગ ૨ | ૯@ | ૯૩૦૦-૩૪૮૦૦<br>GP: ૫૪૦૦ | ૫૩,૧૦૦-૧,૬૭,૮૦૦ | ૧ |
| ૧૩ | સીનીયર રીસર્ચ આસીસ્ટન્ટ | વર્ગ ૨ | ૮ | ૯૩૦૦-૩૪૮૦૦<br>GP: ૪૬૦૦ | ૪૪,૯૦૦-૧,૪૨,૪૦૦ | ૨ |
| ૧૪ | જુનિયર એન્જીનીયર | વર્ગ ૩ | ૭ | ૯૩૦૦-૩૪૮૦૦<br>GP: ૪૪૦૦<br>ફીક્સ પગારથી<br>સરકારના નિતી નિયમો મુજબ | ૩૯૯૦૦-૧,૨૬,૬૦૦ | ૧ |
| ૧૫ | લેબોરેટરી આસીસ્ટન્ટ | વર્ગ ૩ | ૫ | ૫૨૦૦-૨૦૨૦૦<br>GP: ૨૮૦૦<br>ફીક્સ પગારથી<br>સરકારના નિતી નિયમો મુજબ | ૨૯,૨૦૦-૯૨,૩૦૦ | ૧ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૧૬ | ટાઇપિસ્ટ ક્લાર્ક | વર્ગ ૩ | ૪ | ૫૨૦૦-૨૦૨૦૦<br>GP: ૨૪૦૦<br>ફીકસ પગારથી<br>સરકારના નિતી નિયમો મુજબ | ૨૫,૫૦૦-૮૧,૧૦૦ | ૧ |
| ૧૭ | જુનિયર કલર્ક | વર્ગ 3 | ૨ | 5200-20200<br>GP: 1900<br>ફીકસ પગારથી<br>સરકારના નિતી નિયમો મુજબ | ૧૯,૯૦૦-૬૩,૨૦૦ | ૨ |
| | **કુલ જગ્યાઓ** | | | | | **૨૬** |

**આ યોજનાની બોલીઓ અને શરતો નીચે મુજબ છે.**

(૧) આ મંજૂરી અન્વયે થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણા વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી ચાલુ તેમજ વખતોવખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇ મુજબ પદ્ધતિથી કરવાનું રહેશે.

(૪) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિંધ્ધાતો અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ.બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) વર્ગ-૧ અને વર્ગ-૨ ની જગ્યાઓ ભરતી નિયમોની જોગવાઇ અનુસાર ઠરાવેલ રેશીયો મુજબ ભરવા કાર્યવાહી કરવાની રહેશે.

(૮) વર્ગ-૩ ની જગ્યાઓ ભરતી નિયમોની જોગવાઇ મુજબ જો બઢતીના ફાળે આવતી હોય તો તે પ્રમાણે અને જો સીધી ભરતીના ફાળે આવતી હોય તો નાણાવિભાગના તા.૧૬/૦૨/૨૦૦૬ અને તા:૨૮/૦૩/૨૦૧૬ના ઠરાવથી અમલી બનેલ ફિકસ પગારની નીતિથી અને તેમાં વખતોવખત થયેલ સુધારાની જોગવાઇઓ પ્રમાણે ભરવાની રહેશે.

(૯) જે તે જગ્યાના પગાર ધોરણો તત્કાલીન/હાલના આર.ઓ.પી-૨૦૧૬ પ્રમાણે છે કે કેમ તે ખાતરી કરી લેવાની જવાબદારી યુનિવર્સિટીની રહેશે.

(૧૦) સીધી ભરતીથી નિમણૂક પામનાર ઉમેદવારને નિયમિત નિમણૂક મળ્યા બાદ નાણા વિભાગના તા.૧૮/૦૩/૨૦૦૫ના ઠરાવક્રમાંક :નપન/૨૦૦૩/જીઓઆઇ/૧૦(પા.ફા.)ની જોગવાઇ મુજબ રાજય સરકાર દ્વારા તા.૦૧/૦૪/૨૦૦૫થી દાખલ કરવામાં આવેલ નવી વર્ધીત પેન્શન યોજના હેઠળ આવરી લેવાની રહેશે.

(૧૧) આ જગ્યાઓ ભરતી વખતે અનામતનું ધોરણ નિયમાનુસાર જળવાય તેનું ધ્યાન યુનિવર્સિટીએ રાખવાનું રહેશે. આ જગ્યાઓ ભરતી વખતે બેકલોગની જગ્યા હોય તો તેને અગ્રીમતા આપવાની રહેશે.

(૧૨) આ જગ્યાઓ પરની ભરતી સરકારશ્રીના જે તે જગ્યાના પ્રવર્તમાન ભરતી નિયમો અને નિયત ભરતી પદ્ધતિને અનુસરીને કરવાની રહેશે.

(૧૩) કોમ્પ્યુટરની જાણકારી માટે પ્રવર્તમાન ભરતી નિયમોનુસાર ઉમેદવાર નિયત થયેલ કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરેલ/લાયકાત ધરાવતા હોવા જોઈએ.

(૧૪) રાજ્યસરકાર દ્વારા વખતોવખત નિયત કાર્યભારણનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૧૫) આ નવી મંજૂર કરેલ જગ્યાઓ જે તે નાણાકીય વર્ષના અંત સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવે છે. ત્યારબાદ જગ્યાઓ વખતોવખત ચાલુ રાખવાની થાય તો ગુજરાત ઓર્ગેનિક કૃષિ યુનિવર્સિટીએ જગ્યાઓ લંબાવવાની દરખાસ્ત મુદત પૂરી થતા પહેલાના એક માસ અગાઉ રજૂ કરી જગ્યા વધુ સમય માટે ચાલુ રાખવાની મંજૂરી મેળવી લેવાની રહેશે.

(૧૬) સદર જગ્યાઓ ભરાય ત્યાર બાદ જ ખર્ચ કરવાનો રહેશે.

(૧૭) સદર જગ્યાઓ નિયમિત/પ્રતિનિયુકતિથી ન ભરાય ત્યાં સુધી લોનસેવાથી ભરવાની રહેશે.

(૧૮) નાણા વિભાગ દ્વારા તા:૦૬/૦૬/૨૦૨૦ના ઠરાવ તેમજ સમયાંતરે COVID-19ને અનુલક્ષીને કરકસરના પગલાની બહાર પાડેલ સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

આ યોજના હેઠળનો ખર્ચ નીચેના બજેટ સદરે ઉધારવાનો રહેશે.

| | | |
|---|---|---|
| માંગણી નં | : | ૨ મહેસૂલી સદર સામાન્ય |
| મુખ્ય સદર | : | ૨૪૦૧ પાકકૃષિ વ્યવસ્થા |
| ગૌણ સદર | : | (૧૦૫)ખાતર અને રાસાયણિક ખાતર |
| પેટા સદર | : | ૩૭ |

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર સરકારશ્રીની તા.૨૩/૧૦/૨૦૨૦ નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે,

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(રવિન્દ્ર ડી. ખતાલે)
નાયબ સચિવ,
કૃષિ,ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

પ્રતિ,

- માન.મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન.નાયબ મુખ્યમંત્રીશ્રી(નાણા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન.મંત્રી(કૃષિ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન.રાજ્યકક્ષાના મંત્રી(કૃષિ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી(કૃષિ), કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ સચિવાલય, ગાંધીનગર.